# આંસુ પડાવે એ શેતાન... !

જીવન સરગમ
બિન્દુબેન કચરા



આંસુ !! સામાન્યપણે હર કોઈને જ અણગમતાં હોય છે છતાં વાસ્તવિકતા એ હોય છે કે દરેક વ્યક્તિના જીવન સાથે એ કોઈ ને કોઈ તબક્કે સંકળાયેલાં હોય છે! જન્મે ત્યારે ય વ્યક્તિ પ્રથમ કાર્ય આંસુ સારવાનું કરે છે. જીવનના વિવિધ પ્રસંગોએ પણ એ આંસુ સારે છે, તો મૃત્યુની ક્ષણેય એ વેદનાવશ આંસુ સારે છે, આમ આંસુ આપણા જીવનમાં એક ચોક્કસ સ્થાન ધરાવે છે.

આ આંસુના આધારે માનવીના ત્રણ પ્રકારો દર્શાવતું એક મજાનું વાક્ય હમણાં વાંચ્યું કે– 'જે આંસુ પાડે એ ઈન્સાન છે, જે આંસુ પડાવે એ શૈતાન છે અને જે આંસુ લૂછે એ મહાન છે...!'

પ્રથમ પ્રકારરૂપે જે દર્શાવાયું કે આંસુ પાડે એ ઈન્સાન છે એ બિલકુલ તર્કસંગત છે કારણ કે સામાન્યપણે આંસુ દુઃખના કારણે, લાગણીના કારણે સર્જાતાં હોય છે અને એ દુઃખના કારણોરૂપે છે. તકલીફો-પ્રતિકૂળતાઓ સામે ઝઝૂમવાની, ટકી શકવાની શક્તિની મર્યાદા-લાચારી ને મજબૂરી.

ઈન્સાન સીમિત શક્તિ ધરાવનાર છે, એવા ઈન્સાનને જ આંસુની અનિવાર્યતા છે. એ આંસુ સારે એમાં કોઈ અસ્વાભાવિકતા નથી, સહજતા છે. એથી કહી શકાય કે આંસુ સારે એ ઈન્સાન છે.

પણ.... સબૂર ! ભયંકર અસહજતા ત્યાં છે કે જ્યાં ઈન્સાન ઈન્સાન મટીને શેતાન બની જાય...! એની વ્યાખ્યા રૂપે જણાવાયું છે કે જે આંસુ પડાવે તે શેતાન છે, એને રસ હોય છે - અન્યને રડાવવામાં, દુઃખી કરવામાં, પરેશાન કરવામાં. જાણે અન્યનાં આંસુમાં જ એનો આનંદ સમાયો ન હોય! સુરેશ દલાલ આ જ કથનને એમના અછાંદસ કાવ્યમાં મર્મસ્પર્શી રીતે આમ રજૂ કરે છે કે–

**'પહેલાં હું કોઈનાં આંસુ જોઈ શકતો નહતો,**
**પણ પછી કોણ જાણે શું થયું?**
**કે જ્યાં સુધી હું કોઈને રડાવું નહીં ત્યાં સુધી**
**મને ચેન પડતું ન હતું.**
**પહેલાં હું કોઈનું સ્મિત જોઈને**
**ફૂલની જેમ ખીલતો હતો,**
**પણ પછી કોણ જાણે શું થયું?**
**કે જ્યાં સુધી હું કોઈનું સ્મિત શોષી ન લઉં**
**ત્યાં સુધી મને આનંદ આવતો નહતો.'**

કોઈના સ્મિતનાં શોષણમાં કે આંસુના અવતરણમાં આનંદ પામવાની આ વૃત્તિ ચોક્કસપણે શેતાનપણાની દ્યોતક છે.

માર્ગની એક તરફ ટૂંટિયું વાળીને સૂતેલાં નિરુપદ્રવી કૂતરાને સાવ અકારણ લાત મારતાં જવું કે માર્ગના છેડે ઊભેલ ગાય પર વિના કારણે હાથની તાકાત અજમાવતાં જવું વગેરે બાબતો એ શેતાનપણાની શિશુ અવસ્થા છે. તો હજારો- લાખોને પોતાની ખતરનાક જીદ ખાતર રાતે પાણીએ રડાવવાં કે આંસુ ઝરતાં રાખવાં વગેરે બાબતો શેતાનપણાની સોળે કળાએ ખીલેલી અવસ્થા છે! હિટલર જો આ સોળે કળાએ વિકસેલ શેતાનિયતનું જાહેર પ્રતીક છે, તો ઘરના એકાંતમાં ઉપકારી માતા-પિતાને સતત રીબાવતાં-રડાવતાં કુપુત્રો-પુત્રવધૂ એનું નહિ જાહેર થયેલ પ્રતીક છે! હિટલરની જ નહિ, આ ગુપ્ત શેતાનોની કલંકકથા ય એવી કારમી હોય છે કે જે આપણું હૈયું હચમચાવી દે! તો જાણીએ તાજેતરનાં વરસોમાં સર્જાયેલી મુંબઈના પરિવારની કરુણ કથની.

મુંબઈના પોશ વિસ્તારની એક ગગનચુંબી ઈમારતના અગિયારમા મજલાના આલીશાન ફ્લેટમાંથી પડતું મૂકીને એક વૃદ્ધ દંપતીએ કરુણ આત્મહત્યા કરી. આરસની સ્વચ્છ ફર્શ પર લોહીલુહાણ હાલતમાં છૂંદાઈ ગયેલ એ દેહની દશાય એવી કરુણાજનક હતી કે જોનાર અજાણી વ્યક્તિઓ પણ એ દ્રશ્યથી દ્રવી આંસુ સારે.

દિલ દ્રવીને પાણી પાણી જ નહિ, બલ્કે વરાળ થઈને ઊડી જાય એવી કરુણતા તો એ વ્યક્તિના ખિસ્સામાંથી નીકળેલ ચિઠ્ઠીની વિગતોએ સર્જી - એમાં લખ્યું હતું કે -

''કરોડોની સંપત્તિના માલિક અમે હોવા છતાં અમારા દીકરાએ એના પર કબજો જમાવી

દઈને અમને અમારા ઘરમાં જ નિરાશ્રિત બનાવી દીધાં છે, એ તો ઠીક પણ પૂરતું ખાવાનું નહિ આપીને અને રોજ હૈયું વીંધી નાંખે એવાં મેણાં-ટોણા મારીને એણે અમારું જીવતર ઝેર બનાવી દીધું છે. દીકરો કહે છે કે 'સમાજના ડરે હું તમને ઘરડાંઘરમાં નથી મોકલી શકતો કે રસ્તે રઝળતાં નથી કરી શકતો, બાકી તો હું તમને એક સેકન્ડ અહીં રહેવા ન દઉં.' એ અમારા પર હાથ પણ ઉપાડે છે, આ બધાથી ત્રાસીને અમે આત્મહત્યા કરીએ છીએ! આ ચિઠ્ઠી એટલા માટે લખીને મરીએ છીએ કે જગત સમક્ષ આ નાલાયક દીકરાનો ચહેરો બેનકાબ થાય અને એના ગુનાની સજા મળે.'

આવી આંસુ પડાવનારી શેતાનિયત હવે તો ઘર ઘરકી કહાની બની ગઈ છે. સાસુ વહુને આંસુ પડાવે છે, વહુ સાસુને આંસુ પડાવે છે. આંસુ તો કોણ નથી સારતું આ સંસારમાં?! ગરીબને પેટની આગ ઠારવાની સમસ્યા નડે છે ને એ આંસુ સારે છે! ભ્રષ્ટાચારી શ્રીમંતને છેક ગળા સુધી આવી ગયેલ કાયદાના ફંદાની સમસ્યા નડે છે ને આંસુ સારે છે, તો સત્તાભ્રષ્ટ સરમુખત્યારોને એમનાં કરતૂતોને કારણે તૈયાર થઈ રહેલાં ફાંસીના તખ્તાની સમસ્યા નડે છે ને આંસુ સારે છે! આમ આંસુ તો વિવિધ સમસ્યાના કારણે વિવિધ સ્તરના માનવો સારતાં જ હોય છે.

પણ... મહાનતા એ માનવોને વરે છે, કે જેઓ અન્યની આંખોમાં આંસુ નિહાળતાં જ એને લૂછવા તત્પર થઈ જાય. હમણાં જ છાપામાં એક સમાચાર આવ્યા '૧૫ યુવકોની અનોખી મિત્રતા', ગણપતિ માટે મિત્રોએ ભેગા કરેલા દોઢ લાખ રૂપિયા મિત્રના હાથના ઓપરેશનમાં ખર્ચી તેનો હાથ કપાતાં બચાવ્યો. ખરેખર અન્યનાં આંસુ લૂછવામાં જેને આનંદ છે એ ઈન્સાન મહાન છે. આ મહાન માનવોને સંબંધ હોય છે કેવળ અન્યનાં આંસુ સાથે, અન્યનાં દુઃખ સાથે, ભલે ને સામેની વ્યક્તિ લોહીનો સંબંધ ન ધરાવતી હોય તોય એ એનાં આંસુ લૂછવા ગમે તે ભોગે તત્પર હોય.

તો વાચકમિત્રો ! જે હૈયું સંવેદનાથી આર્દ્ર છે એ હૈયામાં માણસાઈ મહોરે છે. તેવી જ વ્યક્તિ અન્યનાં આંસુ લૂછી શકે છે. આજે સંવેદના મરી પરવારી છે. સગા બાપની અર્થી નીકળતી હોય તોય સોદાબાજી કરી લેવાની તક ચૂકતા નથી! કરવી છે એની ખાતરી– તો જુઓ આ હૃદયદ્રાવક ઘટના– શ્રીમંત પિતાના ત્રણ સંતાનો– બે પુત્રો અને એક પુત્રી– પુત્રી શ્રીમંત પરિવારમાં પરણી હતી પણ પુત્રીનો ડોળો પિતાની સંપત્તિ પર હતો. એવામાં રોગગ્રસ્ત પિતાનું મૃત્યુ થયું. સાસરિયાઓએ પુત્રીને ઉત્તેજિત કરી કે 'પિતાની અર્થી નીકળે એ પૂર્વે નાક દબાવીશ તો તારા ભાઈઓ મોં ખોલશે'. અને તેણે ભાઈઓને સ્પષ્ટ ધમકી આપી કે 'અત્યારે ને અત્યારે મારા હિસ્સાની મિલકત મારે નામે કરો, નહિ તો હું પિતાજીની અર્થી નીકળવા નહીં દઉં.. વચ્ચે આડી સૂઈ જઈશ. આખરે તમાશો ટાળવા દીકરાઓએ લખાણ કરી આપ્યું. જોયું આ કરુણ કિસ્સામાં અન્યનાં આંસુમાં જેને આનંદ છે, એ ઈન્સાન નહિ પણ શેતાન છે. દીકરી આ જુગારી દાવ સંપત્તિની દ્રષ્ટિએ ભલે જીતી ગઈ પરંતુ સંવેદના-લાગણી-માણસાઈની દ્રષ્ટિએ એ સાવ હારી ગઈ. તો મિત્રો, આપણે દિલમાં સંવેદના-લાગણીથી ભરપૂર રહેવાનો સંકલ્પ કરીએ - જેથી કોઈના આંસુ લૂછી સાચા ઈન્સાન બનીએ...!



## સુવર્ણરજ

જે ધરતી જલવર્ષાથી આર્દ્ર હોય એ ધરતીમાં જ પાક મહોરી શકે છે તો જે હૃદય સંવેદનાથી આર્દ્ર હોય એ હૃદયમાં જ માણસાઈ મહોરી શકે છે.